સી.ડી.પી.-૧૪ **"મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન "** અંતર્ગત રાજયના ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાનું સ્તર ઉંચુ લઇ જઇને ગ્રામ લોકોના આરોગ્યમાં સુધારો કરીને વધુ સારા સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા માટે **રૂા. ૨૦.૮૫ કરોડની** વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં થયેલ નવી બાબતની જોગવાઇ અંગેની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક- પરચ-૨૦૧૪/૯૯/ચ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૨ /૦૮/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક,પરચ-૨૦૦૬-૧૮૧૧-ચ, તા. ૨૧/3/૨૦૦૭
(૨) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક-પરચ-૨૦૧3-33-ચ, તા. ૨૬/૨/૨૦૧૪.
(3) વિકાસ કમિશનર કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરનો પત્ર નં. વિક/પંચાયત/યુ.૧/વશી/૨૦૧૪, તા. ૨3/૬/૨૦૧૪

## આમુખ-

રાજયમાં, **"**ગુજરાત સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ યોજના**"** ઉપરોકત વંચાણે લીધા ક્રમ-(૧) પરના તા. ૨૧/03/૨૦૦૭ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં સફાઇની કામગીરી યોગ્ય રીતે થાય અને લોકોમાં સફાઇ પ્રત્યે સભાનતા, જાગૃતિ અને ક્ષમતા કેળવાય જેથી સફાઇનું સ્તર ઉંચુ આવે અને લોકોનું આરોગ્ય સુધરે તથા એકંદરે ગ્રામ્ય જીવન ધોરણ ઉંચુ લાવવાના હેતુ માટે ગ્રામ પંચાયતોને સ્વચ્છતા માટે પ્રોત્સાહનના ભાગરૂપે સહાય આપવામાં આવે છે. જેમાં ઉપરોકત વંચાણે લીધા ક્રમ (૨) પરના તા. ૨૬/૨/૨૦૧૪ના સુધારા ઠરાવથી સફાઇ માટે આપવામાં આવતી પ્રોત્સાહક અનુદાનની ગ્રાન્ટ ચુકવણીના ધોરણોમાં વધારો કરીને પ્રોત્સાહક અનુદાનની રકમ બમણી કરવામાં આવેલ છે.

## ઠરાવ-

ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતાનુ; સ્તર ઉંચું લઇ જઇ ગ્રામ્ય લોકોના આરોગ્યમાં સુધારો કરવા અને વધુ સારા સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા **" મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન "** અંતર્ગત કચરાનું ડોર ટુ ડોર કલેકશન થાય, ગ્રામ્ય વિસ્તારમાં શેરીઓની સફાઇ થાય, સફાઇની કામગીરી યોગ્ય રીતે થાય, લોકોમાં બિમારીનું પ્રમાણ ઘટે અને પાણીજન્ય/ સફાઇ સંબધિત રોગચાળામાં અંકુશ આવે, સફાઇવેરા/ગટરવેરો નાંખવાનું પંચાયતોને પ્રોત્સાહન મળે, ગ્રામ પંચાયતનું સશકિતકરણ થાય. લોકોમાં સફાઇ પ્રત્યે સભાનતા અને જાગૃતિ આવે તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ગ્રામ પંચાયતોને સફાઇના સાધનો પુરા પાડી એકત્રિત કરેલ કચરો લેન્ડ ફીલ સાઇટ સુધી લઇ જવા **પરિવહન સહાય** આપીને તથા **"ઉકરડા વ્યવસ્થાપન કરીને ઉકરડામુકત ગામ"** બનાવવા માટે સફાઇને લગતા કામો હાથ ધરીને સફાઇક્ષેત્રમાં રોજગારીનું સર્જન કરીને વધુ સારા સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા માટે **(૧)** ડોર ટુ ડોર **કચરાનું** કલેકશન કરીને એકત્રિત કરવામાં આવેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા માટે પરિવહન સહાય માટે રૂા. ૧૯.૨૦ કરોડ **અને (૨)** પશુપાલકોના ઘરેથી ઉકરડાની સાઇટ સુધી ગોબર લઇ જવાના સાધન વસાવવા માટે સાધન સહાય તરીકે રૂા. ૧.૬૫ કરોડની એમ કુલ ૨૦.૮૫ કરોડની નવી બાબતની જોગવાઇ **" મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન "** અંતર્ગત વર્ષ- ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં કરવા માટેની દરખાસ્ત વિકાસ કમિશ્નરશ્રી ધ્વારા ઉકત વંચાણે લીધા ક્રમ (૩) પરના તા. ૨૩/૦૬/૨૦૧૪ના પત્રથી કરવામાં આવેલ છે. જે ધ્યાને લઇને ઉપર મુજબની આ બાબતે કુલ રકમ **રૂા. ૨૦.૮૫ કરોડની નવી બાબત તરીકે નાણાંકીય જોગવાઇ વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે.** સદરહુ નવી બાબત અંગે થયેલ નાણાંકીય જોગવાઇને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી જેને પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ યોજનાની અમલીકરણની ગાઇડલાઇન મુજબ કામગીરી કરવા તથા નીચે મુજબની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

## શરતો-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્ય સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના નોર્મસ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

## (૧) ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને એકત્રિત કરેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા માટે પરિવહન સહાય.

ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને તથા ગામની શેરીઓની સફાઇ કરીને લેન્ડ ફીલ સાઇટ સુધી કચરો લઇ જવા માટે **પ્રથમ તબકકામાં ૫૦૦૦ કે તેથી વધુ વસ્તી** ધરાવતી ગ્રામ પંચાયતોને ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરીને એકત્રિત કરેલ કચરો લેન્ડફીલ સાઇટ સુધી લઇ જવા પરિવહન સહાય માટે જરૂરી વ્યવસ્થા (માણસો-સાધનો- ટ્રેકટર, આઉટ સોર્સીંગ વ્યવસ્થા) માટે ગામના ઉપલબ્ધ સંસાધનો બાદ કરતાં ખૂટતી રકમ માટે **વ્યકિતદીઠ માસિક રૂા. ૨/- ( અંકે રૂપિયા બે)ની સહાય** નીચે મુજબની ગાઇડલાઇન મુજબ યોજનાનું અમલીકરણ અને કામગીરી કરીને આપવાની રહેશે.

## આ યોજનાની અમલીકરણની ગાઇડલાઇન.

૧. જિલ્લા પંચાયતને ફાળવવામાં આવનાર ગ્રાન્ટ જિલ્લા પંચાયત તરફથી તાલુકા પંચાયતને ફાળવવામાં આવશે, અને તાલુકા વિકાસ અધિકારીશ્રી નીચેની શરતોને આધિન સંબધિત ગ્રામ પંચાયતોને ગ્રાન્ટની ફાળવણી કરશે.

૨. ગ્રામ પંચાયત સફાઇકર ફરજિયાત વસુલ કરતી હોવી જોઇએ.

૩. ડોર ટુ ડોર કલેકશન માટે કુટુંબ ધ્વારા ફાળો આપવાનો રહેશે.

૪. સંબધિત ગ્રામ પંચાયત ડોર ટુ ડોર કલેકશનની કામગીરી કરતી હોવી જોઇએ.

૫. સંબિધત ગ્રામ પંચાયતમાં લેન્ડફીલ સાઇટ નકકી થયેલી હોવી જોઇએ.

૬. પ્રથમ લેન્ડફીલ સાઇટ મનરેગાની ગ્રાન્ટમાંથી ફરજિયાત બનાવવાની રહેશે.

૭. ગામની શેરીઓની નિયમિત રીતે સફાઇ થતી હોવી જોઇએ.

૮. ડોર ટુ ડોર કલેકશન કર્યા બાદ કોઇ એક જગ્યાએ કચરો એકત્રિત કરવાનો રહેશે અને એકત્રિત કચરો લેન્ડફીલ સાઇટ સુધી નિયમિત લઇ જવામાં આવતો હોવો જોઇએ.

૯. લેન્ડફીલ સાઇટ સુધી કચરો લઇ જવા માટે ટ્રેકટર કે અન્ય સાધન સાથે મજૂરો સહિતની કામગીરી આઉટસોર્સથી કરવાની રહેશે.

૧૦. આ કામગીરી નિયમિત ધોરણે થતી હોવા અંગે સંબધિત ગ્રામ પંચાયતનો ઠરાવ મેળવવાનો રહેશે.

૧૧. આ કામગીરી નિયમિત થતી હોવાનું તલાટી કમ મંત્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૧૨. સંબધિત ગ્રામ પંચાયત ધ્વારા રજૂ થયેલ ગ્રાન્ટ અંગેની માંગણી વિસ્તરણ અધિકારી મારફત ચકાસણી કરાવવાની રહેશે.

૧૩. ડોર ટુ ડોર કલેકશન અંગે જે કાંઇ વધારાનો ખર્ચ થાય તે ગ્રામ પંચાયતે સ્વભંડોળમાંથી ભોગવવાનો રહેશે.

૧૪. સહાયની રકમ માસિક ચૂકવવામાં આવશે, અને ખરેખર થયેલ ખર્ચ અથવા સહાય બન્નેમાંથી જે ઓછી રકમ હોય તે ચૂકવવાની રહેશે.

૧૫. આ કામગીરી ગ્રામ પંચાયતે સ્વ સહાય જૂથ/ વિવેકાનંદ યુવક મંડળ/ સખી મંડળ ધ્વારા આઉટસોર્સથી કરવાની રહેશે.

૧૬. ઉપરોકત શરતો સંતોષાયેથી તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સંબધિત ગ્રામ પંચાયતને ગ્રાન્ટની ચૂકવણી કરવાની રહેશે, અને દર માસે થયેલ ખર્ચ અંગેનો રીપોર્ટ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને ગ્રામ પંચાયત વાઇઝ મોકલી આપવાનો રહેશે.

## (૨) પશુપાલકોના ઘરેથી ઉકરડાની સાઇટ સુધી ગોબર લઇ જવાના સાધન વસાવવા માટે સાધન સહાય. (ગોબર વ્યવસ્થાપન)

ગ્રામ્ય વિસ્તારોમાં **પશુપાલક મહિલાઓ** ધ્વારા દરરોજ ગોબર માથે ઉપાડી ઉકરડા સુધી લઇ જવાની પ્રથા અમલમાં હોઇ ગામની અંદર જ ઉકરડા થાય છે, જે ઉકરડા ગામની બહાર લઇ જવા અને મહિલાઓની તંદુરસ્તી જળવાઇ રહે તથા આ બાબતનો પ્રચાર અને પ્રસાર થાય તેના માટે **પશુપાલકોના ઘરેથી ઉકરડાની સાઇટ સુધી ગોબર લઇ જવાના સાધન વસાવવા માટે સાધન સહાય (ગોબર વ્યવસ્થાપન)** તરીકે **પ્રથમ તબકકે ૫૦૦૦ કે તેથી વધુ વસ્તી** ધરાવતી ગ્રામ પંચાયતોને એક લારીની યુનિટ કોસ્ટ **રૂા. ૭૫૦૦/-** પ્રમાણે સરેરાશ **ગામદીઠ બે લારીની** સાધન સહાય આપવાની રહેશે. જે અંગે નીચે મુજબની ગાઇડલાઇન ધ્યાને લઇને અમલીકરણ અંગેની કામગીરી કરવાની રહેશે.

### આ યોજનાની અમલીકરણની ગાઇડલાઇન.

૧. આ હેતુ માટે જીલ્લા પંચાયતને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત ખરીદીની કાર્યવાહી કરવામાં આવશે.

૩. સંબધિત તમામ ગ્રામ પંચાયતોને સાધન પંહોચાડયા બદલના પ્રમાણપત્રો ગ્રામ પંચાયત પાસેથી મેળવવાના રહેશે.

૪. સાધનની માલિકી ગ્રામ પંચાયતની રહેશે અને ગ્રામ પંચાયત પશુપાલકોને ઉપયોગ કરવા વારાફરતી ફાળવી આપશે, અને કેટલાક જાતે વસાવશે.

૫. ફાળવેલ સાધનોનો ઉપયોગ નિયમિત ધોરણે કરવામાં આવે છે તે અંગે સંબધિત ગ્રામપંચાયતનો ઠરાવ મેળવવાનો રહેશે, તથા તલાટી કમ મંત્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૬. આ કામગીરી નિયમિત ધોરણે થતી હોવા બાબતે વિસ્તરણ અધિકારી મારફતે ચકાસણી કરાવવાની રહેશે.

૭. ફાળવેલ વાહનનો ઉપયોગ ઉકરડામાંથી ગોબર લઇ જવાના હેતુ માટે જ કરવાનો રહેશે.

૮. મેઈન્ટેનન્સ કરી સાધન ચાલુ હાલતમાં રાખવાની જવાબદારી ગ્રામ પંચાયતની રહેશે.

૯. આ વ્યવસ્થા માટે કુટુંબ ધ્વારા ફાળો આપવાનો રહેશે

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૭૦, મુખ્ય સદર-૨૫૧૫ અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, પેટા મુખ્ય સદર – ૦૦, ગૌણ સદર-૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર-૦૩ (મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન), ઉત્તમ ગ્રામ પંચાયત પસંદગી યોજના (આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

. આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની અને સરકારશ્રીની તા.૨૫/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વનરાજસિંહ પઢારીયા)

ઉપ સચિવ

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત)- (સ્વતંત્ર હવાલો), ના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (પંચાયત)ના અંગત સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગના સર્વે નાયબ સચિવશ્રી/ ઉપ સચિવશ્રીઓ/ સેકશન અધિકારીશ્રીઓ,
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી( ગ્રામ વિકાસ), ગુજરાત રાજય, ગાંધીનગર
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (વિકાસ કમિશ્નરશ્રી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એકાઉન્ટસ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તીજોરી, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી(બ) પં. ગ્રા. ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય,ગાધીનગર.
- સીલેકટ ફાઇલ, ચ- શાખા/નાયબ સેકશન અધિકારી.